જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦     ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/૦૩/૨૦૧૭ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-     સમાચાર યાદી નં.૫૮૫/૧૭

**શાહીબાગ પોલીસ સ્ટેશનઃ**

શાહીબાગ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.ન.૭૧/૨૦૧૭ ઇપીકો.કલમ ૩૮૫,૧૧૪, જીપીએક્ટ કલમ ૧૩૫(૧) મુજબ મુજબના કામના ફરીયાદી કમલેશભાઇ રામદીન જાતે કેતવાલ ઉ.વ.૨૮ ધંધો-રીક્ષા ડ્રાઇવર રહે ;- ઘર.ન.ડી-૮૫૧,દીપાલીનગર ઓઢવ આદીનાથ અમદાવાદ શહેર નાઓની ફરીયાદ ના કામે તા.૧૭/૩/૨૦૧૭ ના ક.૨૧/૩૦ વાગે ફરીયાદી શ્રી તેમની રીક્ષા નંબર જીજે-૦૧-ડી.વાય-૧૧૧૯ ની લઈ સિવિલ કોર્નર પાસે ઉભા હતા ત્યારે પહેલા બે અજાણયા માણસો તથા પાછળ થી બે અજાણ્યા ઇસમો ઓટો રીક્ષા લઈને દરીયાપુર જવાનુ છે તેમ કહી ફરીયાદી ને છરી બતાવી અને ફરીયાદી તેમની રીક્ષા માં બેસી જતા તેઓએ ફરીયાદી ની રીક્ષા લઈ જઈ ફરીયાદી ને ઇજા પહોચાડવાનો ભય દેખાડી અને ફરીયાદી ની ઓટો રીક્ષા લઈ ગયેલ હોય જે ગુનાના કામે આરોપીઓ (૧) સુરેશ ઉર્ફે સુર્યા સોમાભાઇ પરમાર ઉ.વ.૨૨ રહે- કોલાબા ના છાપરા ઇદગાહ રોડ પ્રેમ દરવાજા બહાર માધુપુરા અમદાવાદ તથા (૨) કુણાલ ઉર્ફે દર્શન પ્રવીણભાઇ ઠાકોર ઉ.વ.૧૯ રહે- તેલીયા મીલની ચાલી પ્રેમદરવાજા માધુપુરા અમદાવાદ નાઓને મ.સ.ઇન્સ રૂપસિંહ પ્યારેસિંહ બ.ન.૭૦૫૨ નાઓએ પો.કો ચિરાગભાઇ કીશોરભાઇ બ.ન.૯૮૭૦ તથા પો.કો કીરણકુમાર બાબુજી બ.ન.૬૯૦૧ નાઓની સંયુક્ત બાતમી હકીકત આધારે ઉપરોક્ત ગુનામાં તા.૨૧/૦૩/૨૦૧૭ ના કલાક ૨૧/૨૫ વાગે ઉપરોક્ત ગુનાની મુદ્દામાલ ની ઓટો રીક્ષા નંબર જીજે-૦૧-ડીટી-૧૧૧૯ ની કી.રૂ.૬૦,૦૦૦/- તથા એક છરી કી.રૂ.૩૦૦/- ની મત્તા સાથે પકડી અટક કરી ઉપરોક્ત ગુનો ડીટેક્ટ કરી તપાસ દરમ્યાન મેઘાણીનગર પોસ્ટે ફસ્ટ ગુ.ર.ન.૪૦/૧૭ ઇપીકો કલમ ૩૯૨,૧૧૪ મુજબ ના ગુનાની રીક્ષા પણ રીકવર કરી ગુનો ડીટેક્ટ કરેલ છે તેમજ આરોપી શહેર કોટડા પોસ્ટે સેકંડ ગુ.ર.ન.૩૦૩૨/૧૭ ઇપીકો કલમ ૩૨૩,૨૯૪(ખ),૪૨૭,૧૧૪ મુજબ ના ગુનામાં વોંટેડ હોય જાણ કરવામાં આવેલ છે







Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>સાબરમતી પોલીસ સ્ટેશનઃ</u>**

<u>પ્રેસ નોટ</u>

સાબરમતી પોલીસે ઉપરી અધિકારીશ્રીઓની સુચના મુજબ ગઇ તા:28/2/2017 ના રોજ પોલીસ કર્મચારીઓની બાતમી હકીકત આધારે સાબરમતી પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં-14/2017 ઇ.પી.કો કલમ 454,457,380,427,114 મુજબનો ગુનો અસલ મુદ્દામાલ સાથે શોધી કાઢી આરોપીઓ (1) સૌરવ ઉર્ફે બાલુ સન./ઓ. પ્રદીપભાઇ ભાનુપ્રતાપ તિવારી ઉ.વ.26 રહે-ગૌતમનગર બળદેવભાઇ રબારી ના મકાનમાં રામદેવ પીરના મંદિર સામે ચાંદલોડીયા અમદાવાદ શહેર મુળ વતન સુનારોનો મહોલ્લો,રોશન દરજીની હવેલી ગામ બેહરોડ તા-બેહરોડ જિલ્લા અલવર રાજસ્થાન (2) લાલબહાદુર ઉર્ફે બહાદુર સન./ઓ. શ્રીબાબુરામ શ્રીહેતરામ બડેઇ (શર્મા) ઉ.વ.25 રહે-ગૌતમનગર રબારી ના મકાનમાં રામદેવ પીરના મંદિર સામે ચાંદલોડીયા અમદાવાદ શહેર મુળ વતન ગામ-નગલાધીરી થાના નગલાસીંગી તા-ટુડલા જિ.- ફિરોઝાબાદ ઉત્તરપ્રદેશ (3) સોનુ સન./ઓ. વિજયસીંગ વિધ્યારામ શર્મા ઉ.વ.25 રહે-ગૌતમનગર રબારી ના મકાનમાં રામદેવ પીરના મંદિર સામે ચાંદલોડીયા અમદાવાદ શહેર મુળ વતન ગામ-કુશવાહ નગર જે.કે.સ્કૂલની બાજુમાં કોટલ રોડ પાસે થાના રામગઢ તા.જિ.ફિરોઝાબાદ ઉત્તરપ્રદેશ નાઓને તા:28/2/2017 ના ક.21/30 વાગે પકડી કાયદેસરની કાર્યવાહી કરેલ અને આ ગુનાની તપાસ દરમ્યાન સદરી આરોપીઓની અંગ જડતીમાંથી દેશી બનાવટનો તમંચો તથા જીવતા કારતુસ નંગ-3 મળી આવતા સદરી ત્રણેય આરોપીઓ વિરૂધ્ધ સાબરમતી પો.સ્ટે સેકન્ડ ગુ.ર.નં-3042/2017 ધી આર્મ્સ એક્ટ કલમ 25(1)(બી) ની પેટા કલમ એ.બી મુજબ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી કરવામા આવેલ તેમજ સદરી આરોપીઓની પુછપરછ દરમ્યાન સદરી આરોપીઓએ ગાંધીનગર અડાલજ પો.સ્ટે ખાતે ફ.ગુ.ર.નં-163/2016 ઇ.પી.કો કલમ 454,457,380,114 મુજબનો ગુનો કરેલ હોવાની કબુલાત કરતા જે ગુનો પણ શોધી કાઢી સદરી આરોપીઓને નામદાર કોર્ટ કસ્ટડીમા સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે મોકલી આપવામા આવેલ

સદરી આરોપીઓ મિલ્કત સબંધી ગુના કરવાની ટેવવાળા હોય તેમજ તેઓ પોતાની જરૂરીયાત સંતોષવા ચોરી તથા ઘરફોડ જેવા ગુનાઓ આચરતા હોય તેઓ જામીન ઉપર છુટ્યાબાદ ફરીથી આવી પ્રવુતી ચાલુ રાખી ગુનાઓ આચરવાની પુરેપુરી શક્યતાઓ રહેલ હોય સદરી આરોપીઓને જાહેર વ્યવસ્થા વિરૂધ્ધના કૃત્યો કરતા અટકાવવાના ઇરાદાથી તેઓ વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે દરખાસ્ત મોકલી આપતા પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ આરોપી (1) સૌરવ ઉર્ફે બાલુ સન./ઓ. પ્રદીપભાઇ ભાનુપ્રતાપ તિવારી (2) લાલબહાદુર ઉર્ફે બહાદુર સન./ઓ. શ્રીબાબુરામ શ્રીહેતરામ બડેઇ (શર્મા) (3) સોનુ સન./ઓ. વિજયસીંગ વિધ્યારામ શર્મા નાઓને પાસા અટકાયતમા લેવા તા:21/3/2017 ના રોજ હુકમ કરતા સદરી આરોપીઓ આજરોજ જામીન ઉપર મુક્ત થયેલ હોય અને સેન્ટ્રલ જેલ ખાતેથી છુટેલા હોય સદરી પાસા અટકાયતીના હુકમ આધારે સદરી આરોપીઓને તા:21/3/2017 ના રોજ પાસા અટકાયતીના હુકમોની બજવણી કરી ડીટેન કરી આરોપી નં-1 ને પોરબંદર તથા આરોપી નં-2 ને જામનગર તથા આરોપી નં-3 ને ભુજ જેલ ખાતે યોગ્ય જાપ્તા સાથે મોકલી આપેલ છે



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**અમરાઇવાડી પોલીસ સ્ટેશનઃ**

મે પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર ૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન ૫ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી આઇ ડિવીઝન અમદાવાદ શહેર નાઓ તરફથી સુચનાઓ આપવામાં આવેલ કે પોલીસ સ્ટેશન વિસ્તાર માં દારૂ/જુગાર ની પ્રવૃતી અંગે ડ્રાઇવ રાખી પેટ્રોલીંગ કરી અસરકારક કામગીરી કરવી જે ઉપરી અધિકારીશ્રીઓની સુચના આધારે અમો તથા સર્વેલન્સ સ્કોર્ડ ના પો.સબ.ઇન્સ જી.એસ.પાટીલ તથા અન્ય સ્ટાફ ના માણસો સાથે પો સ્ટે વિસ્તાર માં પેટ્રોલીંગ માં હતા દરમ્યાન તા.૨૧/૩/૧૭ ના કલાક ૨૨/30 વાગે બાતમી રાહે હકીકત મળેલ કે એક કાળા કલરની સેન્ટ્રો કાર જેનો RTO નં GJ 1 HS 4713 છે જે કાર અમરાઇવાડી ગીતા સ્કૂલ પાસે આવેલ ધનલક્ષ્મી ફ્લેટના પાર્કીંગ માં પાર્ક કરેલ છે અને તેમાં કેટલોક પરપ્રાંતનો ઇગ્લીશદારૂ ભરેલ છે જે બાતમી હકીકત આધારે સદરી જગ્યાએ રેઇડ કરતા અલગ અલગ બ્રાન્ડ ઇગ્લીશદારૂ ભરેલ શીલબંધ બોટલ નંગ - ૭૭ મળી આવેલ જેની કિ.રૂ.૩૮,૫૦૦/- તથા સદર સેન્ટ્રો ગાડી જેની કિ.રૂ.૧,૨૫,૦૦૦/- સાથે મળી કુલ્લે કિ.રૂ.૧,૬૩,૫૦૦/- નો મુદામાલ મળી આવેલ હોઇ જે કબજે કરી સદરી બાબતે અમરાઇવાડી પો.સ્ટેશન ખાતે પ્રોહી ગુ.રન.૫૦૯૧/૧૭ ધી પ્રોહી કલમ ૬૬ (બી). ૬૫ (એ-ઇ). ૧૧૬(૧) બી મુજબ ગુનો રજીસ્ટર કરી આગળની કાર્યવાહિ હાથ ધરેલ છે .તા.૨૨/૩/૧૭

**ક્રાઇમબ્રાન્ચ :**

### રાજકોટ બોમ્બ પ્લાન્ટ કરનાર ઈસમોને ઝડપી પાડતી અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ

.............................................................................................................................................................

ગઈ તારીખ ૧૪/૦૨/૨૦૧૭ ના રોજ સવારના સાત વાગ્યાના સુમારે રાજકોટ શહેરના ખોડીયારનગર વિસ્તારમાં દલપતભાઈ વ્યાસના મકાનની દીવાલની બાજુમાં એક ટાઈમર બોમ્બ મળી આવેલ જે બાબતે રાજકોટ શહેરના માલવીયા પોલીસ સ્ટેશનમાં સે.ગુ.ર.નં. ૧૩/૧૭ એક્ષ્પ્લોઝીવ સબ સ્ટ્ન્સ એકટની કલમ ૪ તથા ૫ વિગેરે મુજબનો ગુનો દાખલ થવા પામેલ હતો.

જે ગુનાના કામે સંયુકત પોલીસ કમિશ્નર શ્રી, ક્રાઈમ બ્રાન્ચ, અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી, ક્રાઈમ બ્રાન્ચ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી, ક્રાઈમ બ્રાન્ચ, અમદાવાદ શહેર નાઓએ ક્રાઈમ બ્રાન્ચના અધિકારી / માણસો તેમજ એ.ટી.એસ.ના અધિકારી શ્રીઓએ ગુનાવાળી જગ્યાની વિઝીટ કરેલી જે વિઝીટમાં બોમ્બ મળેલ તે જગ્યા તથા આજુબાજુના સેલ સાઈટ લોકેશન મેળવવામાં આવેલા જે લોકેશનો આધારે આ ગુનો શોધી કાઢવા ઉપરોકત ઉચ્ચ અધિકારી શ્રીઓની દેખરેખ હેઠળ ઝુંબેશ હાથ ધરવામાં આવેલી.

ઉપરોકત ગુનો શોધી કાઢવા સારૂ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના મદદનીશ પોલીસ કમિશ્નર, શ્રી રાજદીપસિંહ ઝાલા નાઓના નેતૃત્વમાં એક ટીમ બનાવવામાં આવેલ. જેમાં ક્રાઈમ બ્રાન્ચના પોલીસ ઈન્સ્પેકટર શ્રી કે.જી. ચૌધરી તથા શ્રી આર.એસ.સુવરા તથા એ.ટી.એસ. ના પોલીસ ઈન્સ્પેકટર શ્રી બી.પી. રોજીયા તથા ક્રાઈમ બ્રાન્ચના પોલીસ સબ ઈન્સ્પેકટર શ્રી જે.એન. ગોસ્વામી તથા શ્રી જે.એમ.પટેલ તથા શ્રી ડી.પી. ઉનડકટ તથા શ્રી એ.એસ.ચાવડા નાઓને સામેલ કરી. આ દિશામાં કામ કરવાનું આયોજન કરવામાં આવેલ. બોમ્બ મળી આવેલ તે જગ્યાની વિઝીટ કરી મેળવેલ ટાવર સેલ સાઈટની માહિતી તથા બોમ્બ બનાવવા ઉપયોગમાં લીધેલ સામગ્રીની ઝીણવટભરી દિશામાં તપાસ હાથ ધરવામાં આવેલી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

આ ગુનાના સંદર્ભે તપાસ હાથ ધરતા જેના મકાનની દિવાલ પાસેથી ટાઈમર બોમ્બ મળી આવેલ જે મકાનના માલિક દલપતભાઈ વ્યાસનો સંપર્ક સાધી તેઓની સાથે કંઈ કંઈ વ્યક્તિને અણબનાવ બનેલ છે તેની તપાસ હાથ ધરતા એક હકીકત જણાઈ આવેલ કે, ખોડીયારનગરમાં શેરી નંબર- ૭ માં દલપતભાઈ વ્યાસ તથા નિતીન બાવા તથા મુન્ના બાવાએ મળીને દિનેશ બોઘાભાઈ ગીણોયા નાઓની પ્રેમીકા રંજનબેન ઉર્ફે અંજુબેન D/O પ્રાગજીભાઈ રાઠોડ નાઓનું મકાન પચાવી પાડેલ છે. તેવી હકીકત સામે આવેલ જે દિશામાં વધુ તપાસ હાથ ધરતા અને રંજનબેન ઉર્ફે અંજુબેન નાઓના પરીવાર બાબતે ખાતરી કરતા તેને સંતાનમાં બે દીકરા (૧) જયદીપ તથા (૨) વિક્રમ ઉર્ફે વિક્કી ના હોવાનું અને તેનો પ્રેમી દિનેશ બોઘાભાઈ ગીણોયા હોવાની હકીકત મળી આવેલ જેઓ હાલમાં ક્યાં રહે છે તેની તપાસ હાથ ધરતા તેઓ તમામ મોરબી ખાતે ભાડેથી મકાન રાખી રહેતા હોવાનું જણાઈ આવેલ અને રંજનબેન ઉર્ફે અંજુબેન મોટો દીકરો જયદીપે રેડીમેઈડ કપડાની દુકાન મોરબીમાં કરેલ હોવાનું અને વાવડી ખાતે રહેતા હોવાની માહિતી મળી આવેલી. જે બાબતે તેઓના રહેણાંક મકાન તથા દુકાનની શોધખોળ ખાનગીરાહે શરૂ કરતા તેઓનું રહેણાંક મકાન મળી આવેલ જે મકાન ભાડેથી રાખેલ હતુ તે મકાન ખાલી કરી જતા રહેલ હોવાનું અને દુકાન બાબતે તપાસ કરતા દુકાન બંધ હાલતમાં મળી આવેલ.

પરંતુ દુકાનની આગળ બહારના ભાગે લગાડેલ ઈલેકટ્રીક બલ્બનો વાયર જોતા જે વાયર ટાઈમર બોમ્બમાં વપરાયેલ કંપનીનો અને બલ્બ સાથે જોડાયેલ વાયરનો કલર અને કંપની એક જ જણાતા હોય. જેથી આ બોમ્બ મુકવા પાછળ તેઓનો હાથ હોવાની શંકાપ્રબળ બનેલી જેથી આ દિશામાં ઘનિષ્ઠ તપાસ હાથ ધરવામાં આવેલી.

રંજનબેન ઉર્ફે અંજુબેન તથા તેમનો પરીવાર તથા તેનો પ્રેમી હાલમાં જસદણ ખાતે રહેવા ગયેલ હોવાની ચોક્કસ બાતમી હકીકત મળતા જસદણમાં તેઓના રહેણાંક મકાનની શોધખોળ હાથ ધરવામાં આવેલી. અને તેઓનું રહેણાંક મકાન અંગેની ભાળ મળતા ઉચ્ચ અધિકારી શ્રીઓને આ બાબતે જાણ કરતા ક્રાઈમ બ્રાન્ચના નાયબ પોલીસ કમિશ્નર, શ્રી દિપન ભદ્રન તાત્કાલીક અસરથી જસદણ ખાતે પહોંચી ગયેલા અને તેઓની સુચના મુજબ આયોજન કરી તેઓના રહેણાંક મકાને છાપો મારતા રંજનબેન ઉર્ફે અંજુબેન તથા તેમના દીકરા જયદીપ તથા વિક્રમ ઉર્ફે વિક્કી તથા પ્રવિણભાઈ ઉર્ફે પવાભાઈ ધીરૂભાઈ સોલંકી નાઓ મળી આવતા તેઓને શક આધારે અને ઝડપી લેવામાં આવેલ જેઓને ક્રાઈમ બ્રાન્ચની કચેરી ખાતે લાવવામાં આવેલા.

જે પૈકી પ્રવિણ ઉર્ફે પવાભાઈ ધીરૂભાઈ સોલંકી રહેવાસી ગામ કનેસરા તા.જસદણ નાઓની પુછપરછ હાથ ધરતા જણાવેલ કે, દિનેશ બોઘાભાઈ પોતાના મિત્ર થાય છે અને પોતાના પૂર્વ પિતાએ જમીનમાંથી ભાગ આપેલ ન હોય જે ભાગ અપાવવા માટે જરૂરી મદદ કરવા દિનેશ બોઘાભાઈએ જણાવેલ. જેથી તુ મને આ મારી પ્રેમીકા રંજનબેન ઉર્ફે અંજુબેન નાઓના પિતાની માલિકીનું મકાન ખોડીયાર નગરમાં આવેલ છે તે દલપત વ્યાસ તથા નિતીન બાવા તથા મુન્ના બાવાએ મળી પચાવી પાડેલ છે તે લોકોને સબક શીખવાડવાનો હોય તુ મને મદદ કર જેથી મે હા કહેલી અને હું અગાઉ પથ્થર કુવા તથા પથ્થર તોડવાના બ્લાસ્ટીગનું કામ જાણતો હોય. અમોએ સબક શીખવાડવા માટે એક ટાઈમર બોમ્બ બનાવી આ લોકોના ઘર આગળ મુકી દેવાનું નક્કી કરેલ જેના ભાગરૂપે અમો બંને આ દિનેશનું ટી.વી.એસ. મોટર સાયકલ લઈ કમળાપુરા ગામેથી પથ્થર તોડવાના ત્રણ ટોટા તથા ત્રણ કેપ તથા ચીકણો પદાર્થ ખરીદ કરેલ અને જેના કેટલા પૈસા ચુકવેલ તે મને હાલ યાદ નથી.

ત્યારબાદ નાણાંની જરૂર પડતા રંજનબેન ઉર્ફે અંજુબેન પાસેથી દિનેશભાઈએ તમારા લાભ માટે દલપત અને નીતીનના ઘર પાસે તેમને સબક શિખડાવા માટે બોમ્બ મુકવાના છીએ તેમ કહી રુપિયા ૧૦,૦૦૦/- મેળવેલ તેમ કહી જે નાણાંમાંથી મોરબી ખાતેથી મોટર સાયકલમાં વપરાતી બેટરી તથા ઘડીયાળ તથા પ્લાયવુડ તથા લાકડાની પટ્ટીઓ તથા બોક્ષની ખરીદી કરી આ સમગ્ર આયોજ્ન અંગે વિક્કી અને જય્દીપને જાણ કરી સાથ આપવા જણાવતા જયદીપે તેની દુકાનમાં ઈલેકટ્રીક વાયરીંગ કરાવેલ હોય. અને તેના વાયરો વધેલ હોય જે વાયરો મેળવી મોરબીથી જખરાપીર- રૈયારોડ ઉપર તથા કાથરોડ ગામના જંગલમાં જઈ આ ટાઈમર બોમ્બ બનાવેલ. આ કામ



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

અમોએ આશરે દસ થી બાર દિવસમાં પુરૂ કરેલ. અને બોમ્બ તૈયાર થઈ જતા મોટર સાયકલ ઉપર મોડી રાત્રીના જઈ ખોડીયારનગર દલપત વ્યાસના ઘરની દિવાસ પાસે જઈને મુકી દીધેલ હોવાની કબૂલાત કરેલ છે.

તેમજ રંજનબેન ઉર્ફે અંજુબેનની પુછપરછ કરતાં દિનેશ બોઘાભાઈ નાઓને છેલ્લા સત્તર વર્ષથી મહુડી ખાતે રહેતા હતા તે સમયે ઓળખાણ થયેલી અને પોતાના પૂર્વ પતિને પેરાલીસીસ થઈ જતા છુટાછેડા લીધેલા ત્યારથી દિનેશ સાથે પ્રેમ સંબંધ હોવાનું અને પાંચેક વર્ષ પહેલા રાજકોટ ખોડીયારનગરમાં પોતાના પિતાએ એક મકાન લઈ આપેલ જે મકાન દલપત વ્યાસ તથા નિતીન બાવા તથા મુન્ના બાવાએ પચાવી પાડેલ હોય. અને પોતાના પ્રેમી સાથે બોલચાલ થયેલ હોય. જેથી પોતાના પ્રેમીએ પોતાનું કબજે કરેલ મકાન પરત અપાવવા બોમ્બ મુકી સબક શિખડાવા માટે પોતાની પાસેથી લાભ અપાવવાના બહાના હેઠળ રૂપીયા ૧૦,૦૦૦/- મેળવી લઈ તે નાણાંમાંથી બેટરી તથા ઘડીયાળ વિગેરે ખરીદી પોતાના પ્રેમી દિનેશ બોઘાભાઈ તથા તેના મિત્ર પ્રવિણ ઉર્ફે પવાભાઈ સોલંકીએ બોમ્બ બનાવી દલપત વ્યાસના મકાનની દિવાલ પાસે મુકેલ હોવાની હકીકત જણાવેલ છે.

જયારે જયદીપની પુછપરછ કરતાં પોતાની માતા રંજનબેન ઉર્ફે અંજુબેનના પ્રેમી દિનેશ બોઘાભાઈએ લાભ અપાવવાનું જણાવી બોમ્બ મુકવાની યોજના જણાવી સબક શિખડાવા માટે પોતાની દુકાનમાં વાપરતા વધેલ ઈલેકટ્રીક વાયરો મેળવી લઈ તે વાયરનો બોમ્બ બનાવવામાં આપેલ હોવાનું જણાવેલ છે.

આ ગુનાના કામે મુખ્ય સુત્રધાર દિનેશ બોઘાભાઈ બોમ્બ પ્લાન્ટ કર્યા ત્યારથી કયાંક ભાગી ગયેલ હોવાની હકીકત જણાવેલ છે. ઉપરોકત તમામને રાજકોટ પોલીસને સોંપવા કાર્યવાહી હાથ ધરેલ છે.

## <u>વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન :</u>

આજરોજ તા.૨૨/૩/૧૭ નારોજ સવારનાં ૯/૩૦ થી સાંજનાં ૫/૩૦ વાગ્યા દરમ્યાન વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથ દ્વારા અલગ-અલગ જગ્યાઓએ જઇ લોક જાગૃતીનો પ્રોગ્રામ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  |  |
|  |  |

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)